ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદના ગંભીરા બ્રિજની દૂર્ઘટના સમયે લટકી પડેલા ટેન્કરને ખસેડવા પોરબંદરની ખાનગી કંપનીએ પડકાર જીલ્યો : ટેન્કર માલિકની વેદના સંભળાઇ

ગંભીરા બ્રિજ પર લટકતું ટેન્કર ખસેડવા ‘ ઓપરેશન ’ શરૂ

પોરબંદરની મરીન ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટરની ટીમ દ્વારા એક સપ્તાહ દરમિયાન બલુનની મદદથી ટેન્કર ખસેડશે



(પ્રતિનિધિ) આણંદ તા.1

આણંદ અને વડોદરાને જોડતો ગંભીર બ્રિજ 9મી જૂલાઇના રોજ તૂટી પડ્યો હતો. આ સમયે કેમિકલ ભરેલું ટેન્કર અધવચ્ચે જ લટકી ગયું હતું. જે ટેન્કરને ખસેડવા કે ઉતારવું તે પડકારજનક બની ગયું હતું. આ અંગે છેલ્લા પોણા મહિનાથી ગડમથલ ચાલતી હતી. આખરે પોરબંદર ખાતે આવેલી ખાનગી કંપનીના મરીન ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટરની ટીમ દ્વારા આ પડકારને પહોંચી વળવા તૈયારી દર્શાવવામાં આવી છે. જે સંદર્ભે શુક્રવારના રોજ સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી હતી. બાદમાં બલૂન ઇમ્પીસેશનની મદદથી એક સપ્તાહ દરમિયાન ટેન્કરને ખસેડવામાં સફળતા મળશે.

આણંદના ગંભીરા બ્રિજ તૂટી પડવાની હોનારતના અધવચ્ચે ઉભેલુ ટેન્કર ખસેડવું પડકારરૂપ બન્યું હતું. બ્રિજનો જે ભાગ તૂટી પડ્યો તેમાં અડધો સ્લેબ લટકી ગયો હતો. આ લટકતા સ્લેબ પર ટેન્કર અટકી ગયું છે. બીજી તરફ માર્ગ અને મકાન વિભાગના એન્જિનીયરે આ બ્રિજને જર્જરિત જાહેર કરતાં તેના પર ક્રેઇન લઇ શકાય તેમ નથી. આ ઉપરાંત નીચે નદીમાં પણ એવી કોઇ વ્યવસ્થા નહતી કે ક્રેઇન ઉભી રાખી શકાય. જેના કરાણે છેલ્લા 22 દિવસથી આ ટેન્કર જેમની તેમ સ્થિતિમાં જ પડી રહ્યું છે. એટલે કે સુધી કે આ મુદ્દે સરકારના એન્જિનીયર વિભાગ પર પણ માછલા ધોવાવવા લાગ્યાં હતાં. આખરે આ ટેન્કર ખસેડવા પોરબંદરના વિશ્વકર્મા ગ્રુપની જ મરીન ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટરની ટીમ પર પસંદગી ઢોળવામાં આવી હતી. જે સંદર્ભે જરૂરી ચર્ચા બાદ શુક્રવારના રોજ આ ટીમ ગંભીરા બ્રિજ પર પહોંચી હતી. જ્યાં પ્રથમ તબક્કામાં ડ્રોનની મદદથી સમગ્ર બ્રિજની સ્થિતિનું ક્યાસ કાઢવામાં આવ્યો હતો. બાદમાં ટીમ બ્રિજ પર પહોંચી હતી અને પોતાનું અભિયાન શરૂ કર્યું હતું.

આ અંગે સૂત્રોના જણાવ્યાનુસાર, મરીન ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટરની ટીમ દ્વારા બલૂન ઇમ્પીલેશન દ્વારા સમગ્ર ઓપરેશન પાર પાડવામાં આવશે. બ્રિજનો જે ભાગ તુટીને અધવચ્ચે છે. જેના નીચે બલૂન મુકવામાં આવશે. આ બૂલન ઉચ્ચ કક્ષતા હોવાથી તેની મદદથી તુટેલો સ્લેબ ઉપર લેવામાં આવશે. જે બચી ગયેલા બ્રિજના ભાગ સાથે સમથળ થશે. આ સાથે ટેન્કર પણ ઉપર આવતા તેને રિવર્સમાં વડોદરા તરફ ખેંચી જવામાં આવશે. જોકે, આ સમગ્ર ઓપરેશન પાર પાડતા પાંચથી સાત દિવસ જેવો સમય લાગશે.

એક બલૂન 50 ટન સુધીની ક્ષમતા ધરાવે છે

પોરબંદરના વિશ્વકર્મા ગ્રુપના જ મરીન ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટર બલૂનની મદદથી સમગ્ર ઓપરેશન પાર પાડશે. જેના માટે તુટી ગયેલા ભાગ નીચે બલૂન મુકવામાં આવશે. આ બલૂન 50 ટન સુધીનો વજન વહન કરવાની ક્ષમતા ધરાવે છે. આવા બે કે તેથી વધુ બલૂન મુકી તુટી ગયેલો ભાગ ઉંચો કરવામાં આવશે. જેની સાથે ટેન્કર પણ સમથળ સપાટી પર આવતા તેને રિવર્સમાં વડોદરા તરફ ખેંચી જવામાં આવશે.

સમુદ્રમાં બચાવ કરી શકે તેવી એકમાત્ર કંપની

પોરબંદરના વિશ્વકર્મા ગ્રુપના જ મરીન ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટર એ સમુદ્રમાં બચાવ કામગીરી માટે એક માત્ર કંપની છે. આ કંપની દ્વારા દરિયા વચ્ચે ક્યાંય પણ શીપમાં લાગતી આગ, ડેમેજ કે કોઇ પણ કટોકટીના સમયે પહોંચી બચાવ કામગીરી કરે છે. હાલ ગંભીર બ્રિજ પર ટેન્કરને ખસેડવાના પડકાર જનક કામ માટે મદદ લેવામાં આવી છે.

ઉમરેઠની ખાનગી હોસ્પિટલની નર્સ દ્વારા ગેરકાયદે ગર્ભપાતનું નેટવર્ક ચલાવતી હોવાની શંકા

ઉમરેઠમાં નર્સે ગેરકાયદે ગર્ભપાત કરતાંપરિણીતાનીતબિયતલથડી

ડિગ્રી ન હોવા છતાં વેદ હોસ્પિટલની નર્સે પરિણીતાને ઘરે લઇ જઇ ગર્ભપાત કર્યો

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.1

ઉમરેઠમાં આવેલી વેદ હોસ્પિટલમાં ફરજ બજાવતી નર્સે ગેરકાયદેસર રીતે ગર્ભપાત કરતાં પરિણીતાની તબિયત લથડી હતી. આથી, તેને તાત્કાલિક નડિયાદની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. આ અંગે ઉમરેઠ પોલીસે નર્સ સહિત બે સામે ગુનો નોંધ્યો હતો.

પેટલાદના રાવલી ગામમાં રહેતા મહંમદઅશ્ફાકમીયા મલેકના પત્ની ગર્ભવતી હોવાથી 18મી જુલાઇના રોજ ઉમરેઠની વેદ હોસ્પિટલ ખાતે તપાસ કરવવા લાવ્યાં હતાં. આ સમયે નર્સ તરીકે ફરજ બજાવતાં હીરલબહેન કેતનકુમાર પટેલને મળ્યાં હતાં. આ સમયે થોડી વાતચીત બાદ હિરલબહેને સાથે નોકરી કરતાં સુમનબહેન ઇગ્નાશ ખ્રિસ્તી (રહે. ઉમરેઠ)ને બોલાવ્યાં હતાં. આ બન્ને નર્સે અશ્ફાકને માત્ર રૂ. 16 હજારમાં ગર્ભપાત કરાવી આપવાની વાત કરી હતી. આથી, અશ્ફાકે તેમને પૈસા આપતા બન્ને વેદ હોસ્પિટલની પાછળ આવેલા આશાકુંજ સોસાયટીમાં લઇ ગયાં હતાં અને ઘરના ઉપરના ભાગે દવાખાનામાં રૂમ હોય તેવી એક રૂમમાં લઇ જઇ ગર્ભપાત કર્યો હતો. બાદમાં 3 દિવસની દવા આપી હોસ્પિટલમાં સોનોગ્રાફી કરી ચેક કરી લેવાની સલાહ આપી હતી. જોકે, ત્રણ દિવસ દરમિયાન અશ્ફાકના પત્નીની તબિયત લથડી હતી. આથી, ઉમરેઠ વેદ હોસ્પિટલમાં 23મી જુલાઇના રોજ લાવ્યાં હતાં.

પરંતુ હિરલબહેન તેમને સોહમ હોસ્પિટલમાં લઇ ગયાં હતાં. જ્યાં સોનોગ્રાફી કરાવતાં પેટમાં બગાડ રહી ગયો હોવાનું નિદાન કર્યું થયું હતું. આથી, ફરી પાંચ દિવસની દવા આપી હતી. પરંતુ 28મીના રોજ સોનોગ્રાફી કરતાં બગાડ રહી ગયો હોવાનું જણાવ્યું હતું. જોકે, સુનબહેને ઓપરેશન કર્યું હોવાથી તેની પાસે જ બગાડ કાઢવાનું દંપતિએ નક્કી કર્યું હતું. આથી, તેઓ સુમનબહેનના ઘરે ગયાં હતાં. જ્યાં બે કલાકના ઓપરેશન બાદ અશ્ફાકના પત્નીની તબિયત લથડી હતી અને બ્લીડીંગ શરૂ થઇ ગયું હતું. આથી, તાત્કાલિક પ્રથમ સોહમ હોસ્પિટલ અને બાદમાં નડિયાદ હોસ્પિટલમાં ખસેડ્યાં હતાં. પ્રાથમિક તપાસમાં ગર્ભાશયને નુકશાન થયું હોવાનું બહાર આવ્યું હતું. આ અંગે મહંમદઅશ્ફાકમીયા મલેકે ઉમરેઠ પોલીસ મથકે સુમનબેન ઇગ્નાશભાઇ ખ્રિસ્તી અને હીરલબેન કેતનકુમાર પટેલ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આણંદ - ખેડા જિલ્લાના અંતરિયાળ ગામોમાં પણ ચાલતા ખાનગી દવાખાનામાં ગેરકાયદે ગર્ભપાત થાય છે. આ અંગે અગાઉ આરોગ્ય વિભાગ દ્વારા કેટલાક કિસ્સામાં પગલાં પણ ભરવામાં આવ્યાં છે.

નડિયાદના પ્રભાત સિનેમા તરફનો રસ્તો 3 દિવસ બંધ રહેશે

(પ્રતિનિધિ) નડિયાદ, તા.1

નડિયાદના ડભાણ ભાગોળ પાસે આવેલા જૂના અને જાણીતા પ્રભાત સિનેમાના મેનેજર અને વહીવટકર્તાએ જર્જરિત થયેલા ભાગ ઉતારવા માટે સલામતીના ભાગરૂપે આંતરિક રસ્તો 6 દિવસ માટે બંધ કરવાની વિનંતી કરી હતી. જોકે, મ્યુનિસિપલ કમિશ્નર, નડિયાદ મહાનગરપાલિકાની દરખાસ્તના આધારે, આ રસ્તો 2 ઓગસ્ટથી 4 ઓગસ્ટ સુધી એટલે કે ત્રણ દિવસ માટે બંધ રહેશે. આ રસ્તો ડભાણ ભાગોળ થી સરદાર વલ્લભભાઈ પટેલના સ્ટેચ્યુ અને રેલવે સ્ટેશન તરફ જાય છે. આ રસ્તા પર અંદાજીત 40 રહેવાસી, 10 દુકાનો અને અને મકાનો આવેલા છે. આ રસ્તો બંધ રહે તે સમયગાળા દરમિયાન અસરગ્રસ્ત રહેવાસીઓને તમામ જરૂરી સુવિધાઓ પૂરી પાડવાની સંપૂર્ણ જવાબદારી પ્રભાત સિનેમાના માલિક અને વહીવટકર્તાની રહેશે.

ખેડાની આંગણવાડી બહેનો ગાંધીનગરની રેલીમાં જોડાશે

ગાંધીનગર ખાતે 4થીએ વિરોધ પ્રદર્શનમાં જિલ્લાના 500 કાર્યકરો પહોંચશે

(પ્રતિનિધિ) નડિયાદ, તા.1

રાષ્ટ્રહિત, ઉદ્યોગહિત અને શ્રમહિત ભારતીય આંગણવાડી કર્મચારી મહાસંઘ (ભારતીય મજદૂર સંઘ પ્રેરિત) દ્વારા આગામી 4 ઓગસ્ટે ગાંધીનગર ખાતે પડતર માંગણીઓને લઈને એક વિશાળ આક્રોશ રેલી અને ધરણાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સમગ્ર રાજ્યમાંથી 20 હજારથી વધુ આંગણવાડી બહેનો જોડાશે. આ પૈકી ખેડા જિલ્લામાંથી પણ 500 કરતાં વધુ બહેનો આ આંદોલનને વેગવંતુ બનાવવા માટે ભાગ લેશે.

આંગણવાડી બહેનોની મુખ્ય માંગણીઓમાં બી.એલ.ઓ.ની કામગીરીમાંથી મુક્તિ, એમ.એમ.વાય.નો સ્ટોક સીધો કેન્દ્ર પર પહોંચાડવો, છેલ્લા ચાર વર્ષથી પોતાના ખર્ચે સ્ટોક ઉપાડવા બદલ મહેનતાણું ચૂકવવું, એફ.આર. એસ. સિસ્ટમની મુશ્કેલીઓ દૂર કરવી, ગુજરાત વડી અદાલતના ચુકાદાનું અમલીકરણ કરવું અને ઉંમરના બાધ વિના બઢતી આપવા જેવી બાબતોનો સમાવેશ થાય છે. આ અગાઉ પણ ખેડા જિલ્લામાં આ બાબતે કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું, પરંતુ સરકાર દ્વારા કોઈ ધ્યાન ન અપાતા હવે તેઓ ઉગ્ર આંદોલન તરફ આગળ વધી રહ્યા છે. આ આંદોલનને સફળ બનાવવા માટે સંઘના જિલ્લા મંત્રી લોમેશ બારોટ, ખેડા જિલ્લા આંગણવાડી મંડળના મંત્રી જલ્પાબેન પટેલ અને અધ્યક્ષ પલ્લવીબેન પટેલ સહિતના આગેવાનો જહેમત ઉઠાવી રહ્યા છે.

આણંદમાં ગંદકી કરતા વેપારીઓ પર કાર્યવાહી

કરમસદ - આણંદ મહાનગરપાલિકા દ્વારા રૂ. એક લાખનો દંડ ફટકારાયો

(પ્રતિનિધિ) આણંદ તા.1

કરમસદ - આણંદ મહાનગર પાલિકાના કમિશનરની સુચના મુજબ મનપા હસ્તકની સેનિટેશન વિભાગની ટીમ દ્વારા જુલાઈ માસ દરમિયાન શહેરના વિવિધ વિસ્તારમાં આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં જાહેરમાં ગંદકી કરતા લોકો સામે તેમજ સિંગલ યુઝ પ્લાસ્ટિકનો વપરાશ કરતાં એકમો સામે દંડકીય કાર્યવાહી કરી રૂપિયા 1.03 લાખનો વહીવટી ચાર્જ વસૂલ કર્યો છે અને 90 કિલો પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરવામા આવ્યો છે.

કરમસદ - આણંદ મહાનગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર અને ટીમ દ્વારા લોકોને જાહેરમાં ગંદકી ન કરવા માટે જણાવાયું છે અને વેપારીઓ સિંગલ યુઝ પ્લાસ્ટિક નો ઉપયોગ ન કરે તે માટે પણ જરૂરી સુચના આપવામાં આવી છે. મહાનગરપાલિકાની ટીમ દ્વારા વિવિધ વિસ્તારોમાં આકસ્મિક ચેકિંગ હાથ ધરવામાં આવશે અને જે લોકો જાહેર આરોગ્યને નુકસાન થાય તે રીતે ગંદકી કરતા હશે કે જાહેરમાં કચરો નાખતા હશે. તો આવા લોકોની સામે કાયદાની જોગવાઈને આધિન દંડનીય કાર્યવાહી કરવામાં આવશે. કરમસદ- આણંદ મહાનગરપાલિકા વિસ્તારમાં ડોર ટુ ડોર કચરો ઉઘરાવવામાં આવે છે, આ ઉપરાંત જાહેર રસ્તાઓ ઉપર કચરો નાખવા માટે ભીનો અને સૂકો અલગ અલગ કચરો નાખવા ડસ્ટબિન પણ મૂકવામાં આવ્યા છે. જેમાં કચરો નાખવા માટે જણાવવામાં આવ્યું છે.

આણંદમાં હિન્દુ રાજપૂત સમાજ સંગઠનની સ્થાપના કરવામાં આવી

રાજકીય પક્ષાપક્ષીથી પર રહી રાજપૂત સમાજના વિકાસ માટે કામગીરી કરાશે

(પ્રતિનિધિ) આણંદ, તા.1

આણંદ શહેરમાં આવેલા ખાનગી રિસોર્ટમાં શુક્રવારના રોજ રાજપૂત સમાજના યુવાનોની બેઠક યોજાઇ હતી. જેમાં રાજકીય પક્ષોથી પર રહી હિન્દુ રાજપુત સંગઠનની સ્થાપના કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ બેઠકમાં સમાજના વિકાસ માટે વિવિધ અભિયાન તથા જનજાગૃતિના કાર્યક્રમો યોજવામાં આવશે.

આણંદ શહેરમાં હિન્દુ રાજપુત સમાજના યુવા આગેવાનો દ્વારા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં તમામ પક્ષો અને પાર્ટીથી પર રહી હિન્દુ રાજપુત સમાજના સભ્યોએ હાજરી આપી હતી. આ બેઠકમાં સામુહિક સહમતિથી એક ક્રાંતિકારી પહેલ કરવામાં આવી છે. તે અન્વયે 1લી ઓગષ્ટથી ‘હિન્દુ રાજપુત સંગઠન ગુજરાત’ની સ્થાપના કરવામાં આવી છે અને તેની જાહેરાત કરવામાં આવી છે.

આ સંગઠન દ્વારા બંધારણ મુજબ હક હેતુ સમાજમાં જાગૃતતા લાવવી, સમાજના મૌલીક હક અધિકાર માટે સમાજને મજબુતી પ્રદાન કરવી, સમાજના યુવા વર્ગ અને વિદ્યાર્થીના પ્રશ્નોને વાચા આપવી અને તેઓને મળતા ઇડબલ્યુએસના લાભોની માહિતી છેવાડાના ગામડાઓ સુધી પહોંચે તેની ચિંતા કરવી અને વધુને વધુ યોજનાઓનો સમાજને લાભ અપાવી શકાય તે માટેની કટિબદ્ધતા સભ્યો દ્વારા બેઠકમાં દર્શાવવામાં આવી હતી. આ ઉપરાંત અલગ અલગ રાજકીય વિચારધારા હોય તો પણ ઉદ્દેશ સામાજિક શુહાર્દ, શૈક્ષણિક જાગૃતિ અને શૈક્ષણિક જાગૃતિના પગલે વ્યસન મુક્ત સમાજ બેઠકના મુખ્ય મુદ્દાઓ રહ્યાં હતાં. આ અન્વયેની વધુ ચર્ચા વિચારણા અર્થેની એક ચિંતન શિબિર યોજવા માટે એક મત થઈ બેઠક સંપન્ન કરવામાં આવી હતી.

આ બેઠકમાં ભાજપ યુવા મોરચાના પ્રદેશના પૂર્વ મહામંત્રી પિંકલ ભાટિયા, બાર ગામ રાજપૂત સમાજના પ્રમુખ ભરતસિંહ ચૌહાણ, એડવોકેટ અને ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસના સેક્રેટરી વિરેન્દ્રસિંહ ચાવડા, નીતિનસિંહ પરમાર, નિલેશસિંહ ચાવડા વિગેરે હાજર રહ્યાં હતાં.

પાળજ ગામના યુવક પાસેથી લૂંટેરી દુલ્હને 5 લાખ ખંખેર્યા

હવે છુટકારો જોઇએ તો પૈસા આપો: લૂંટેરી દુલ્હનની માગણી

(પ્રતિનિધિ) પેટલાદ તા.1

પેટલાદના પાળજ ગામમાં દિકરાનું વેવીશાળ શોધવામાં એક પિતા સાથે રૂ.5 લાખની છેતરપિંડી થઇ હતી.

પાળજના કમલેશભાઇ રણછોડભાઇ પટેલ દિકરાનુ વેવીશાળ શોધતાં હતાં. જે બાબતે તેમને મિત્ર મારફતે જંયતિભાઇ ચીમનભાઇ પટેલની ઓળખાણ થઇ હતી. જેમણે મહારાષ્ટ્રની એક 21 વર્ષની છોકરી માતાપિતા વગરની છે તેમ કહી છોકરીનો ફોટો અને બાયોડેટા મોકલી વેવીશાળની વાત ચલાવી હતી. કમલેશભાઇ અને તેમના દિકરાને તે અનુકુળ આવતા તેમણે વેવીશાળની વાત આગળ ચલાવી હતી. જેથી મહારાષ્ટ્રની એક સ્વાતી નામની યુવતી સાથે એક ભાઇ પાળજ આવ્યાં હતા. જે તેના મામા હોવાની ઓળખાણ આપી હતી. સગાઇ બાબતે વાતચીત બાદ લગ્ન ખર્ચ પેટે રૂ.3 લાખ આપવાનું નકકી કરાયુ હતુ. જે પેટે એક લાખ બેન્કમાં જમા કરાવડાવ્યાં પછી પેટલાદ લક્ષ્મીજી મંદિરમાં બન્નેના હારતોરા કરી સંબંધ નકકી કર્યો હતો. પરંતુ સગાઇ પહેલા જ કમલેશભાઇ સાથે ધુતારાઓએ દિકરીના માસીનો અકસ્માત થયેલ છે, તેમ કહી બીજા રૂ.2 લાખ પડાવ્યા હતાં. બાદમાં અલગ અલગ બહાના હેઠળ બીજા નાણા પડાવ્યાં હતાં. આ અંગે કમલેશભાઇએ પેટલાદ ટાઉન પોલીસમાં જયંતિ ચિમન પટેલ, સ્વાતિ નરેન્દ્ર નિકોશે અને પરાગ વિજય બોરકર સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધ્યો હતો.

આણંદ રેવન્યુના કર્મચારીને પ્રાંતની ખુરશી પર બેસાડી સન્માન કરાયું

આણંદ રેવન્યુ વિભાગના એક માત્ર કાયમી ડ્રાઇવર અયુબમિયાંનો વિદાય સમારંભમાં પ્રાંત જાતે ગાડી ચલાવી ઘરે મુકવા ગયાં

(પ્રતિનિધિ) આણંદ તા.1

આણંદના રેવન્યુ વિભાગના કાયમી ડ્રાઈવર તરીકે એક માત્ર કર્મચારી અયુબમિયાં પીરજાદાને વયમર્યાદાના પગલે વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે આણંદ પ્રાંત દ્વારા તેમને ખુરશી પર બેસાડી સન્માન કરવામાં આવ્યું હતું. અયુબમિયાં ત્રણ દાયકા ઉપરાંત સમયથી સેવા આપી છે.

બૃહદ ખેડા જિલ્લાના બાલાસિનોરના વતની અયુબમિયાં પીરજાદાના પિતા મહેમુદમિયાં રેવન્યુ વિભાગમાં જ ડ્રાઈવર તરીકે ફરજ બજાવતાં હતાં. પરંતુ 1990ના સમયમાં ફરજ દરમિયાન તેમનું અવસાન થયું હતું. આ સમયે તેમના ચાર પુત્રમાંથી વચેટ અયુબમિયાં પીરજાદાને 1992માં બાલાસિનોર મામલતદાર કચેરીમાં જોડાયાં હતાં. જોકે, ત્રણેક માસ બાદ તેમને પેટલાદ બદલી કરવામાં આવી હતી. જ્યાં તેમને સિંચાઇ વિભાગના દર વસુલાતના ડ્રાઈવર તરીકે ફરજ સોંપવામાં આવી હતી. પરંતુ આઠેક મહિના બાદ 1993માં આણંદ પ્રાંત અધિકારીના ડ્રાઈવર તરીકે બદલી કરવામાં આવી હતી. બાદમાં તેઓ છેલ્લા ત્રણ દાયકાથી વધુ સમય આણંદના પ્રાંત અધિકારી અને કલેક્ટરના વિશ્વાસુ કર્મચારીમાના એક તરીકે ફરજ બજાવી છે. જેમાં અયુબમિયાંએ 1999-2012 આણંદ પ્રાંત અને 2012-2014 આણંદ કલેક્ટરમાં ડ્રાઈવર તરીકે હતાં. જોકે, 2014થી 2025 ફરી આણંદ પ્રાંતમાં મુકવામાં આવ્યાં હતાં. તેઓને 31મી જુલાઇના રોજ વયમર્યાદાના કારણે નિવૃત્ત કરવામા આવ્યાં હતાં. આથી, તેમનો ભવ્ય સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ્રાંત અધિકારી ડો. મયુર પરમારે પણ અયુબમિયાં પીરજાદાને તેમની ખુરશી પર બેસાડી સન્માન આપ્યું હતું. આ ઉપરાંત પ્રાંત અધિકારી જાતે ગાડી ચલાવી ઘરે મુકવા ગયાં હતાં. હાલ અયુબમિયાંને સંતાનમાં બે પુત્ર અહેઝાઝહુસેન અને આસીકહુસેન છે.

રેવન્યુ વિભાગમાં તમામ ડ્રાઇવર કોન્ટ્રાક્ટર બેઝ પર

આણંદ જિલ્લામાં ડ્રાઇવર અને પટાવાળા તરીકે મોટા ભાગે કોન્ટ્રાક્ટર બેઝ અથવા આઉટસોર્સિંગની કામ ચાલી રહ્યું છે. એક માત્ર ડ્રાઇવર અયુબમિયાં પીરજાદા કાયમી હતાં. જોકે, તેઓ પણ 31મી જુલાઇના રોજ નિવૃત્ત થતાં રેવન્યુ વિભાગમાં ડ્રાઇવર તરીકે કાયમી કર્મચારી એક પણ રહ્યો નથી.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225